સોમપ્રદોષની કથા.

અથવા

સીમંતિની આખ્યાન.



સુરત મધે

કીલ્લાની સામે અબદુલ્લા બેગવાળી હવેલીમાં
વિક્ટોરીયા પ્રેસમાં મંછારામ ઘેલાભાઇએ
છાપી પ્રસીધ કીધી.

સંવત ૧૯૩૩. સને ૧૮૭૭.

કીમત્ત ૨ આના.

સોમ પ્રદોષની કથા.

અથવા

સિમંતિની આખ્યાન.

પદ ૧લું. આમેર મોઘા મૂલનું એ રાગ.

પરથમ ગણપતી પાએ લાગીએ ॥ સમરોની સારદા માય. શંકરને સેવો સદા ॥ ૧ ॥ જેના ચરણ સેવેરે મોટા મુની ॥ તે તો બ્રહ્મા તણી તનયાય. શંકર ॥ ૨ ॥ જેને સેવે છે ઇંદ્ર ને દેવતા ॥ મારી જીભ્યાએ કરજો વાસ. શંકર ॥ ૩ ॥ તમો ઇચ્છાએ અંતરમાં વસ્યાં ॥ પુરવા સેવકની આશ. શંકરને ॥ ૪ ॥ ત્યારે આનંદ તો અંગમાં થયો ॥ ગાવા શીવજી તણો મહિમાય, શંકરને ॥ ૫ ॥ ભુમિ ઉત્તમ છે ભર્તખંડમાં પવિત્ર નિમિશા આરણ્ય. શંકરને ॥ ૬ ॥ રૂષી સરવે વસે છેરે તે સ્થળે ॥ જેણે સેવ્યા છે શીવજીના ચરણ. શંકરને ॥ ૭ ॥ એવે સુત પુરાણી ત્યાં આવીઆ ॥ તેને રૂષી પૂછે છે પ્રશ્ન. શંકર ॥ ૮ ॥ સ્વામી ઉત્તમ વ્રત સોમવારનું ॥ મહિમા કહો તેનો દયાળ. શંકરને ॥

૯ ॥ ત્યારે સૂત પુરાણી ત્યાં શું વદે ॥ ધન બુદ્ધિ તમારી વિશાળ. શંકરને ॥ ૧૦ ॥ તમે પૂછી જે ઉત્તમ વારતા ॥ તેનો કહું સકળ મહિમાય. શંકરને ॥ ૧૧ ॥ જેને ઇચ્છે છે ઇંદ્રને દેવતા ॥ મોટા મુની જોગી જશ ગાય. શંકરને ॥ ૧૨ ॥ હવે સુત પુરાણી ત્યાં શું વદે ॥ જેના દાસ મયો ગુણ ગાય૦ શંકરને સેવો સદા ॥ ૧૩ ॥

પદ ૨જુ. જોયું જોયું રે કહોલાપુર શહેર વડોદરા બહુ સારૂં એ રાગ—

મારે વૃત કરવું સોમવાર રહેવું શીવ શરણે ॥ કહી સુત પુરાણીએ વાત જે નિમિશા અરણ્યે ॥ ટેક ॥ સુત પુરાણી વદે ત્યાં વાણી સુણીએ હો રૂષીજનરે ॥ શીવ ભક્તી તો સૌથી મોટી અરપું તન મન ધન. કહું નિમિશા અરણ્યે ॥ ૧ ॥ ઇતિહાસની કથા એહ છે વેદ તણે અનુસારરે ॥ વ્યાસ તણી કીરપા એ કહું છું કોઈ ન પામે પાર કહું ॥ ૨ ॥ વિદર્ભ દેશ તણો છે રાજા ચીત્રવરમા નામરે ॥ સાચા દીલથી શમ્ભુ આરાધ્યા પુરયાં મનનાં કામ. કહું ॥ ૩ ॥ પુત્રી એક ઉદે થઇ તેને સીમંતની ગુણ સારરે ॥ શુભ લક્ષણને કમળા લોચની શોભાનો નહીં પાર. કહું ॥

૪ ॥ સકળ અંગની શોભા શી કહું કહેતાં ન આવે પારરે ॥ ઉપમામાં બીજી દમયંતી સકળ અંગ તે સાર. કહુ ॥ ૫ ॥ રાજા મન આનંદ થયો ને તેડાવ્યા રૂષી જનરે ॥ ત્રણે કાળનું જ્ઞાન તમોને કહો મુજને વરતન. કહું ॥ ૬ ॥ રૂષી કહે તમો સુણો રાયજી શાસ્ત્ર તણે અનુસારરે ॥ અષ્ટ પુત્રવંતી એ કહીએ ભાગવશે ભરથાર. કહુ ॥ ૭ ॥ અન્યરૂષી ત્યાં એવું ભાખે સુણજે તું રાજનરે ॥ વરસ ચૌદમાં થાશે વિધવા માનો સત્ય વચન. કહુ ॥ ૮ ॥ એવાં વચન સુણી બ્રાહ્મણનાં ઝુંહા થઇ તે વારરે ॥ ઘડી ચારમાંહિ શુધ આવી સચ્ચું થશે કરતાર. કહું ॥ ૯ ॥ સુંદર રૂપ સીમંતની કેરૂં સખીઓ સાથે ખેલરે ॥ રૂપ અનોપમ ઘણી ચાતુરી રૂષી વચન કેમ મેલ. કહુ ॥ ૧૦ ॥ સખીઓ કેરૂં વચન સાંભળી બોલી રાજ કુમારરે. જેવું હોય તેવું કહો મુજને કહું છું વારંવાર ॥ કહુ ॥ ૧૧ ॥ સખી કહે તમને શું કહીએ જનમ કાળની વાતરે ॥ વરસ ચૌદમાં સુણો ચાતુરી મૃત્યુ થશે તુજ નાથ. ॥ કહુ ॥ ૧૨ ॥ સોચ પામી સીમંતનીને કીધો એક ઉપાયરે ॥ જાગનવલ્લીક કેરી રૂષી પત્નિ મિત્રા પાસે જાય કહું ॥ ૧૩ ॥ કર જોડીને પાયે લાગી વિનાવિ વાત બહુ કીધીરે ॥ ભાટું દુખ માતાજી મારૂં પોતાની કરી લીધી. કહુ ॥ ૧૪ ॥ રૂષીપત્નીને શરણુ ગએથી

સરશે સઘળાં કાજરે ॥ શીવ ગુણ ગાશે સુખીઆં થાશે ક-
હે મયો શીવદાસ. કહું ॥ ૧૫ ॥

૫૬ ઢુંજ્યું. ઓધવજી સંદેશા કેહેજો શ્યામને એ

રાગ—

સીમંતની મિત્રાજી આગળ શું કહે દીન વચન તે
બોલે છે તે બાળજો ॥ માતાજી હું શરણે આવી
લમ તણે ઝીરમા કરીને કરજો મારું કાજજો ॥ સીમંત-
ની ॥ ૧ ॥ જનમ કાળની વાતો જે રૂપીએ કહી ચૌદ વર-
સમાં મરશે નુજ ભરથારજો ॥ દોહેલડું દુખડું રે આ સં-
સારનું ॥ ધણી વિનાનો અવરથા અવતારજો ॥ સીમં-
તની ॥ ૨ ॥ સૌભાગ્ય આપોરે આ સંસારમાં હું દાસી-
ની દીલમાં લાવો દાઝજો ॥ દીનવચન સુણીને મિત્રાજી
વદે શીત સેવાથી સરશે સઘળાં કાજજો ॥ સીમંતની ॥
૩ ॥ સેવોને શીવજીને સૌ કારજ થશે વેદ વચન તો બોલે
છે નીરધારજો ॥ સકળ સિદ્ધિના દાતા શીવજી છે સદા દ-
ઢતા રાખી વ્રત કરો સોમવારજો ॥ સીમંતની ॥ ૪ ॥ સ-
રવેમાં ઉત્તમ છે વ્રત સોમવારનું મહિમા તેનો કહ્યો ન-
હીં જાયજો ॥ સૌભાગ્ય થાશેરે તેણે સુંદરી મેહેર ધરીને
બોલ્યાં મિત્રા માયજો. સીમંતની ॥ ૫ ॥ પ્રાતસકાળેરે -વ

વ્હેલાં ઊઠીએ તીરથ ઉપર જઇને કરીએ સ્નાનજો ॥ નીત્ય
કર્મ કરીને નીમ ત્યાં લીજીએ આપે તે તો ધર્મ મોક્ષ ને કા
મજો. સીમંતની ॥ ૬ ॥ પૂજા તો કરીએરે બહુ પ્રકારની
વિધિ વિવેકે બોલે છે જેમ વેદજો ભોજન કરજેરે તું ર-
જની સુખે તન મન વાચા અરપે ફળ ઉપદેશજો સીમંત-
ની ॥ ૭ ॥ સૌભાગ્ય થાશો ને સુખ બહુ પામશો. ભોગવ-
શો તમે નાના વિધના ભોગજો ॥ મહેર તને કરશેરે શ્રી
મહાદેવજી જાશે તારો જનમ જનમના રોગજો ॥ સીમં-
તની ॥ ૮ ॥ અસ્તુ કહીને ઉઠ્યાં ત્યાં સીમંતની ॥ મિત્રા-
જીને ચરણે નામ્યું શીશજો ॥ પોતાને મંદીરરે આવ્યાં પ્ર-
ભુની કૃપા કરો તમે શીવસ્વામી જગદીશજો. સીમંતની ॥
૯ ॥ શુભ મહુરત જોઇને પુત ત્યાં આચર્યું કારજ થાશે
જશે દેહના દંડજો ॥ દાસ ભયો કહે છે જે શીવ દયાળ છે
જુઓ વિચારી કહ્યું બ્રહ્માંતર ખંડજો. સીમંતની મિત્રાજી
આગળ શું કહે ॥ ૧૦ ॥

પદ ૪થું. આશા છો તે જાણીએ હો સાંભળીઆ
એ રાગ—

સીમંતની સુત આચરણે કરે। શીવ સેવા ॥ પુત કુ-
રે ઓળખાર અક્ષુખને લેવા ॥ ૧ ॥ અરસ પરસ ઉર ધારીને

કરો ॥ કંઠે ધરે રૂદ્રાક્ષ. ભવ ॥ ૨ ॥ બ્રહ્મને સનકાદિક
સેવે કરો ॥ સેવે જોગી વામદેવ ભવ ॥ ૩ ॥ રૂદે રાખો
મહિમા મોટા કરો ॥ જેનો ભેદ ભણે છે વેદ ॥ ભવ ॥ ૪ ॥
પુજા વિધિ બહુ પેરની કરો ॥ સતી મિત્રાનો ઉપદેશ ॥ ભ
વ ॥ ૫ ॥ તન મન વાચાએ કરી કરો ॥ તજો મદ મ-
ચ્છર અહંકાર ॥ ભવ ॥ ૬ ॥ કન્યા કાળ ઉદે થયો—કરો
॥ વૃદ્ધ થઇ છે જાન ॥ ભવ ॥ ૭ ॥ ચિત્રવરમા મન ધરે
કરો ॥ દેવું કન્યાદાન ॥ ભવ ॥ ૮ ॥ સુભ મહુરતે મંડપ ઘાલ્યો
કરો ॥ તેડયા દેશ દેશના ભૂપ ॥ ભવ ॥ ૯ ॥ અનેક રાય ત્યાં
આવીઆ—કરો ॥ તેનો કહેતાં ન આવે પાર ॥ ભવ ॥ ૧૦ ॥
ચંદ્રાંગદ એક મહિપતી કરો ॥ તે નૈશધપતી કહેવાય ॥ ભ
વ ॥ ૧૧ ॥ રૂપ અનોપમ ચાતુરી કરો ॥ છે કામ તણો
અવતાર ॥ ભવ ॥ ૧૨ ॥ વર્ણન તેનું શું કરૂં કરો ॥ મુજે
કહેતાં ન આવે પાર ॥ ભવ ॥ ૧૩ ॥ સીમંતનીએ શુભ
દીઠો કરો ॥ ત્યાં આરોપી વરમાળ ॥ ભવ ॥ ૧૪ ॥ ચિત્ર
વરમા એમ કહે-કરો ॥ જોડ મળી અતિસાર ॥ ભવ ॥ ૧૫
॥ ઉપમા કહોની આપીએ કરો ॥ જાણે નળ દમયંતી ધાર
॥ ભવ ॥ ૧૬ ॥ રૂષીવર ત્યાં તેડાવીઆ-કરો ॥ દીધું કન્યા
દાન ॥ ભવ ॥ ૧૭ ॥ ઇંદ્રસેન સાથે હતા કરો ॥ તેડી ને-
શધપતીની જાન ॥ ભવ ॥ ૧૮ ॥ પહેરામણી કરી પ્રીત સુ

કરો ॥ સીંચાવ્યા આનંદ ભેર ॥ ભવ ॥ ૧૯ ॥ રાજકુંવરને
ત્યાં રાખ્યો કરો ॥ સીમંતનીને પેર ॥ ભવ ॥ ૨૦ ॥ રુષી વ
ચનને કારણે કરો ॥ તે રાજા જાણે મન ॥ ભવ ॥ ૨૧ ॥
આગળ તે વિસ્તાર થશે-કરો ॥ સુણીએ હો રુષીજન ॥ ભ
વ ॥ ૨૨ ॥ શીવ શંકર આરાધતાં કરો ॥ મટે દેહના દંડ
॥ ભવ ॥ ૨૩ ॥ કહે મયો તમે મન ધરજો કરો ॥ જે કહ્યું
પ્રહોતર ખંડ ॥ ભવ સુખને લેવા ॥ ૨૪ ॥

પદ ૫મું. તમે નંદજી ગોકુળ સંચરો એ રાગ—

કાંઇએક કર્મ તણી છે વારતા કાંઈ એક રુષીતણાં વ
ચનજો ॥ કોઇએ ભાવીને પોંચે નહી કર્મે લખ્યું હોય વ-
તેનજો ॥ કોઈ એક ॥ ૧ ॥ એક સમે ત્યાં તો એવું થયું
જમુનાના જળ ક્રીડાને જાયજો ॥ સખી સરખા લીધા સાથ-
માં તે સાથે ચંદ્રાંગદ રાયજો ॥ કાંઇ એક ॥ ૨ ॥ જમ-
નાજીની તીરે આવીઆ સુંદર તેડાવ્યાં ત્યાં નાવજો ॥ સે
ના બેઉ કાંઠે ઊભી રહી ચંદ્રાંગદ ચઢીઆ ધરી ભાવજો ॥
કાંઇ એક ॥ ૩ ॥ સાથી સરવે બેઠા સજ થઈ લેવા જળ
ક્રીડાનો લાવજો ॥ મધ્યે જળમાં જ્યારે પહોંચીઆ ત્યાં
તો તતક્ષણ ભાગ્યું નાવજો ॥ કાંઈ એક ॥ ૪ ॥ હાહાકાર
શબ્દ સરવે વદે ધ્રુજે પ્રાણીને રીશજો ॥ માથાં કુટે ને બે

ઉંકર થસે આ તે શું કીધું જગદીશજો ॥ કાંઈ એક ॥ ૫ ॥ રાજ્ય ચિત્રવરમા ચિત્ત ભ્રમ થયો તેની ગઇ છે શુદ્ધ ને સાનજો ॥ માથું કૂટેને ભોમી પડે આ તે શું કીધું ભગવાનજો ॥ કાંઈ એક ॥ ૬ ॥ બધું એક રૂદન કરે છે રાણીઓ તેમાં સીમંતનીની માતજો ॥ બહીઆં દૂપેને ભોમી પડે સોકો ધસવા લાગ્યાં હાથજો ॥ કાંઈ એક ॥ ૭ ॥ નૈશધ પતીને પોંચી વારતા જુમનામાં બુડયો મુજ તનજો ॥ તેના શોકની વાતો શી કહું કહેતાં વિસ્મ થયું મુજ મનજો ॥ કાંઈ એક ॥ ૮ ॥ ત્યાં તો શોક ધરે સીમંતની તેણીએ ઉતારયા શણગારજો ॥ શંકર સેવામાં ચૂકે નહીં ઉત્તમ ભૂત કરે સોમવારજો ॥ કાંઈ એક ॥ ૯ ॥ શીવજીની કીરપાએ સુખ થશે જે રહો આપીક સઘળ ચણ્ડાંડજો ॥ કહે ભવો જે કહેશો ક્યાં કહ્યું જુઓ વિચારી અક્ષોતર ખંડજો ॥ કાંઈ એક કર્મ તણા જે ચારતા ॥ ૧૦ ॥

પદ ૬ઠું. ગોકુળ આવો શ્રી નાથજી. એ રાગ—

શંકર શરણ ગયે સુખ પામીએ જેણે અરપ્યું તન મન ધન ॥ શંકર શરણ ગયે સુખ પામીએ ॥ ટેક ॥ ચંદ્રાંગદની શોભા શી કહું બુડયો નૈશધપતીનો તનય સોમપ્રદોષ કરે સીમંતની તેણીએ અરપ્યું તન મન ધન ॥ શંકર ॥ ૧ ॥ અણી તણી આઓ ત્યાં આવીઓ જળક્રિડા જો-

થાનું મન ॥ એવે રાજ કુંવર દુઃખે પડયો એની બુદ્ધિ છે વિતપન ॥ શંકર ॥ ૨ ॥ નાગ પુત્રીએ મન વિચારીઉં કોઈ એક મોટો છે રાજન ॥ સુંદર રૂપ સોહામણું તેણે મોહી રહ્યું છે મન ॥ શંકર ॥ ૩ ॥ એની પાસે છે મોટા મણી વસુમતાજીએ લીધો માગ ॥ મંદીર પોતાને જાઇ ગયાં જહાં વસે છે તક્ષક નાગ ॥ શંકર ॥ ૪ ॥ આહી પુર કેરી શોભા શી કહું મંદીર દીસે ઝાકઝમાળ ॥ આનંદ ઓછવ નિત્ય થાએ નહીં વાજાં વાજે મૃદંગ તાળ ॥ શંકર ॥ ૫ ॥ મંદિર સોવર્ણ કેરાં રતનનાં દ્વારે સ્ફાટીક હીરા સાર ॥ જાળી ગોખે છે મોટા મણી મોતી તોરણ બાંધ્યાં દ્વાર ॥ શંકર ॥ ૬ ॥ ઘેર ઘેર માંહે છે મોટા મણી કલ્પ વૃક્ષનું સુખ બહુ સાર ॥ કામ ધેનુની સેવા સૌ કરે ઇચ્છા ભોજન પામે અપાર ॥ શંકર ॥ ૭ ॥ નર નારીની શોભા શી કહું ઉપમા આપી કંઇ નવ જાય ॥ તક્ષકની દરબારે આવીઆ જોતા આહીપુરની શોભાય ॥ શંકર ॥ ૮ ॥ તક્ષક બેઠા છે સિંહાસને એવે આવ્યો રાજકુંમાર ॥ કરજોડીને ઉભો રહ્યો સર્વે જોઇ રહી દરબાર ॥ શંકર ॥ ૯ ॥ એમ કરતાં તે તો આવીઓ ત્યાં નહીં જમ કીંકરના દંડ ॥ કહે મયો જે મન નીરભયકરા આવે કહ્યું અહીતણ ખંડ ॥ શંકર ॥ ૧૦ ॥

પદ ૭મું. પાલવડો મેહેલો મોહનજી મારગડે મને
જાવા દો એ રાગ—

શંકર શરણુ એ ચંદ્રાંગદ અવસર એવો આવ્યો છે ।। કોટી કરમ કુડાંને બાળે મનુષ જનમનો લાવો છે ।। ૧ ।। અભંગ પુરમાં રાજા તક્ષક ચંદ્રાંગદ મન ભાવ્યો છે ।। મણી જડીત્ર સોહીએ સિંહાસન જાણે સુરજ સુહાવ્યો છે ।। ૨ ।। કોટી નાગ તે રાજ સભામાં મુસ્તકે મણી સોહાવ્યા છે ।। સુંદર રૂપ ધરૂં છે સરવે અમીન સાથે લાવ્યા છે ।। ૩ ।। નાગ કન્યા જેમ ચમકે દામની જાણે ઇંધરી માયા છે ।। શણગાર તેના શું રે વર્ણવું વ્યાસજીએ ગુણ ગાયા છે ।। ૪ ।। તક્ષક ત્યાં બેઠા સિંહાસન કુંવર દ્રષ્ટમાં આવ્યા છે ।। તક્ષક કહે તમો સુણો સુંદરી કોણ જાતી અહીં લાવ્યાં છે ।। ૫ ।। જળ ક્રિડાને અમો ગયાં તાં સખીઓ સૌ સાથે આવી ।। જુમનાજીમાં સ્નાન થયો તે સંગાથે તેડી લાવી ।। ૬ ।। જાત ભાત અમો નથી જાણતાં પૂછી લેજો એંધાણી ।। એવાં વચન સુણી કન્યાનાં તક્ષક ત્યાં બોલ્યા વાણી ।। ૭ ।। નાગ નૃપ કહે તમે કોણ છો દીન જાણી દયા આણી ।। ધન્ય કૃતારથ દીન આજનો ચંદ્રાંગદ બોલ્યા વાણી ।। ૮ ।। નૈશધ દેશનો નળ રાજા ને તેની દમયંતી રાણી ।। જગત લોક તેને જાણે છે કુંવર ત્યાં બોલ્યા વાણી ।।

૯ ॥ તેનો સુત તે ચંદ્રસેન છે મહા મોટો જે વૃતધારી ॥
તેનો સુત ચંદ્રાંગદ હું છું શરણે આવ્યો તમારી ॥ ૧૦ ॥
કહે મયા તમે સરવે માનજો વ્યાપીક શીવ છે બ્રહ્માંડે ॥
વ્યાસ તણી વાણી પરમાણે કહ્યું છે બ્રહ્મોતર ખંડે ॥ ૧૧॥

પદ ૮મું. મારે ઘેર આવજોરે વાહાલા એ રાગ—

તન મન નીશ્ચેરે જાણી ॥ ચંદ્રાંગદ બોલ્યા ત્યાં વાણી ॥ ૧ ॥ કૃત કૃત કીધાંરે આજ ॥ સ્વામી શરણ આવ્યાની લાજ ॥ ૨ ॥ કોઈક જન્મનું રે પુન્ય ॥ દુર્લભ પામ્યો હું દરસન ॥ ૩ ॥ ધન પીત્રીનેરે આજ ॥ દર્શન પામે સરયાં કાજ ॥ ૪ ॥ ધન્ય મુજ ગુરૂનેરે ઈશ ॥ એમ કહીને નામ્યું શીશ ॥ ૫ ॥ સુણી કુંવરનીરે વાણી ॥ ઈષ્ટ કૃપાએ મેહેર ત્યાં આણી ॥ ૬ ॥ તક્ષક બોલ્યારે વાણી ॥ ઉત્તમ રાજ કુંવરને જાણી ॥ ૭ ॥ કોનાં સેવોરે ચરણ ॥ ઈષ્ટ ગુરૂ કોણ કોને શરણ ॥ ૮ ॥ કહે ચંદ્રાંગદરે રાય ॥ દાસ મયાને શંકર સહાય ॥ ૯ ॥

પદ ૯મું. બલીહારીરે બહુચર માત જોવાને જઈએ એ રાગ—

ત્યાં તો તતક્ષણ બોલ્યારે વાણ ચંદ્રાંગદ રાય ॥ મારા ઈષ્ટ તણો મહિમાય સુણે ભવ દુખ જાય ॥ ટેક ॥ દેવો કેરા

દેવજ કહીએ વેદ નીગમ નેતિ ગાયરે ॥ સચરાચરમાં વ્યા
પી રહ્યા એ ગુરૂ કૃપાએ ઓળખાય ॥ સુણોભવ ॥ ૧ ॥ બ્ર
હ્મા ઈંદ્ર સનકો સેવ મુનીવર ધ્યાન લગાવેરે ॥ સગુણ
બ્રહ્મ સદા સુખકારી વેદ પુરાણો ગાવે સુણો ॥ ૨ ॥ જેના
રાજસ ગુણે કરીને ઉદય થયા બ્રહ્માયરે ॥ સૃષ્ટી રચે તે સ
દા નીરંતર શીવજીનો મહિમાય ॥ સુણો ॥ ૩ ॥ ઉદે થયા
સત ગુણથી વિષ્ણુ પ્રજાતણા પ્રતીપાળરે ॥ જુગ જુગ-
માં અવતાર ધરીને દુષ્ટનો આણે કાળ ॥ સુણો ॥ ૪ ॥
કાળાગ્ની રૂદ્ર જે કહીએ તમો ગુણ કેરા અંશરે ॥ સૃષ્ટી-
નો સંહાર કરે છે હરે સરવના હંસ સુણો ॥ ૫ ॥ લીલવટ-
માંહી ચંદ્ર વિરાજે જટા વિષે છે ગંગરે ॥ ત્રીજું નેત્ર
અગ્નિની જવાળા બાળ્યો કામ અનંગ ॥ સુણો ॥ ૬ ॥ ડા
બે કર વાસુકી રહે છે જમણે તક્ષક નાગરે ॥ તેના મણી
રહે ગળ સ્થળપર શોભા નોતમ લાગે ॥ સુણ ॥ ૭ ॥ ગૌર
વરણને નીલકંઠ છે શોભા કહી નવ જાયરે ॥ ઉપમા કહોને
કોની આપું નીગમ નેતિ નેતિ ગાય ॥ સુણો ॥ ૮ ॥ એક
હાથે અભય કરે છે બીજે કર વર આપેરે ॥ ધ્યાન ધરે
શીવ શંકર કેરૂં પોતાનો કરી થાપે ॥ સુણો ॥ ૯ ॥ રૂપ નિ-
ધાનનો પાર ન આવે સુણજો સ્વામી કહુંરે ॥ અષ્ટ દેવ-
તા એહ અમારે સેવું તેના ચર્ણ ॥ સુણ ॥ ૧૦ ॥ સગુ-

ણુ રપ સદા સુખકારી નીરગુણ રહ્યો એ ભાંડરે ।। કહે મયો જે બાસે કહ્યું છે જુઓ અહોતર ખંડ ।। સુણે ।। ૧૧ ।।

પદ ૧૦ મું. કાગળ મોકલોરે વહાલા વાંચું હેત કરી એ રાગ—

મનમાં મહેર ધરીરે ત્યાં તો તક્ષક બોલ્યા વાણ ।। શંકરદાસ સરીરે એની દઢ બુદ્ધિ પરમાણ ।। ૧ ।। મન વિચાર કર્યોરે હું તો પૂરું એની આશ ।। તક્ષક એમ કહેરે કીજે આ પુરમાં નિવાસ ।। ૨ ।। અમૃત પાન કરોરે તેણે પહોંચે મનની આશ ।। સુંદર મન ગમતારે રહેવાને આપું આવાસ ।। ૩ ।। નાના વિધ કેરારે તમે ભોગવજો ઉપભોગ ।। એ સુખને પામોરે આવે નહિ આધીન રોગ ।। ૪ ।। રાજ કુંવર બોલ્યોરે કીરપા તક્ષકની જાણી ।। બેઉ કર જોડીનેરે ચંદ્રાંગદ બોલ્યા વાણી ।। ૫ ।। વિદર્ભ દેશ તણોરે છે એક ચિત્રવરમા રાય ।। ત્યાં મુજ લગ્ન કર્યુંરે તેની મોટી છે સીંતાય ।। ૬ ।। પાણી ગ્રહણ કરીરે હું તો રેહેતો તેને ઘેર ।। જમનામાં બુડ્યોરે કોઈ ન જાણે મારી પેર ।। ૭ ।। તેના પુર માંહેરે મુજને પહોંચાડો મહારાજ ।। શરણે હું આવ્યોરે સેવક જાણી કીજે કાજ ।। ૮ ।। રાય તક્ષક બોલ્યારે જ્યાં સમરું ત્યાં પાસે આવું ।। સત્ય વચ-

ન આપું રે મુજને વેચે ત્યાં વેચાઉં ॥ ૯ ॥ ભયો કહે શી-
વ સમરો રે જેણે મટે દેહના દંડ ॥ વ્યાસે વિચાર કર્યા રે
જોજો કહ્યું અલોતર ખંડ ॥ ૧૦ ॥

પદ ૧૧ મું. જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવા રે
એ રાગ—

તક્ષક મન વિચારી બોલ્યા વારતા રે ॥ રાજ કુંવરને
કરવો છે વિદાય જો અરજ ત્યાં એક કામગ નામે આપી-
ઓ રે ॥ જ્યાં ઇચ્છે ત્યાં વેગેથી લઈ જાય જો ॥ તક્ષક ॥૧॥
દિવ્ય ચંદન આપ્યું રે તક્ષક રાયજી રે સુગંધ તેની દસ જોજ-
ન વિસ્તાર જો ॥ આભુષણ આપ્યાં રે વીધવીધ પેરનાં રે મુ-
ખડે તેનો કહેતાં ન આવે પાર જો ॥ તક્ષક ॥ ૨ ॥ વિધ
વિધનાં વસ્ત્રાભૂષણ તો આપીઆં રે સેવા સારૂ આપ્યો
નાગ કુમાર જો ॥ અબ સેવા કાળે રાક્ષસ આપીઓ રે
સીમંતનીને આપ્યા સોળે શણગાર જો ॥ તક્ષક ॥ ૩ ॥ ર-
ત્ન અમુલ્ય બાંધ્યાં તેની સાથમાં રે રાય ચંદ્રાંગદ માગે ત્યાં
વિદાય જો ॥ તક્ષક રાયે આપી તેને આગના રે જ્યાં સમરો
ત્યાં આવું હું ય સહાય જો ॥ તક્ષક ॥ ૪ ॥ ચરણે લાગી રા-
જ કુંવર ત્યાંથી પળે રે મુહુર્તમાંહી આવ્યા જમનાં તીર જો ॥
સખીઓ સાથે દીઠાં ત્યાં સીમંતની રે જમનાં નાહી જૂત કરે

સોમવારજો ॥ તક્ષક ॥ ૫ ॥ રાજ કુંવર સીમંતનીની દ્રષ્ટે પડયોરે તેણીએ ત્યાં જોઈ વિચારયું મનજો ॥ જાણે એ સ્વામીજી હોએ માહરારે જુમનાંજીમાં અંત થયા રાજન જો ॥ તક્ષક ॥ ૬ ॥ એમ વિચાર કરીને નયણે નીર ભરેરે ક્યાંથી હોએ વરસ થયાં છે ત્રણજો ॥ રાજ કુંવર ત્યાં સીમંતની પાસે ગયોરે હૈડું દાઝયું રૂદન સાંભળી કર્ણજો ॥ તક્ષક ॥ ૭ ॥ શણગાર શે ઉતારયા તમે સુંદરીરે દુર્બળ સરખું દીસે છે કાંઇ તનજો ॥ એવું વચન સુણીને વદે સીમંતનીરે જુમનાંજીમાં અંત થયા સ્વામીનજો ॥ તક્ષક ॥ ૮ ॥ સાસુને સસરો બેઉ કાળા અહે પડયાંરે તે દુખેથી સૂકાયું વદનજો ॥ એવું સુણતાં ચંદ્રાંગદ વાણી વદેરે ત્રીપુરારીને સેવો એક મનજો ॥ તક્ષક ॥ ૯ ॥ વિજોગ ભાગીને સુખ સાતા થશેરે થોડા દિવસમાં મળશે તમારો નાથજો ॥ કહે મયો જે શંકરને સેવો સદારે સરવે શીવજી કરશે સારૂં કાજજો ॥ તક્ષક ॥ ૧૦ ॥

પદ ૧૨ મું. થયા છો શબ્દ થકી સાકાર શીવજી
ધારીઆરે. એ રાગ—

ચંદ્રાંગદ આવ્યો નીરધાર શીવ સેવ્યા થકીજી ॥ તત્ક્ષણ કીધો મન વિચાર શીવ સેવ્યા થકીજી ॥ ૧ ॥ માત

પોતાનું બંધન જેહ ।। શીવ ।। સીમંતની બોલી મુખ તેહ ।। શીવ ।। ૨ ।। કામગ ઉપર થયો અસ્વાર ।। શીવ ।। આવ્યો નૈશધ દેશ મોઝાર ।। શીવ ।। ૩ ।। નૈશધ પૂરથી રહ્યો તે બહાર ।। શીવ ।। તેણે કીધો મન વિચાર ।। શીવ ।। ૪ ।। નગ્રથી બાહાર રહયો નરેશ શીવ ।। રાક્ષસે નગ્ર કરયો પ્રવેશ ।। શીવ ।। ૫ ।। તેણે કીધો મન વિચાર શીવ ।। મારા રસુ હું આણી વાર ।। શીવ ।। ૬ ।। નાગ કુંવરે વિચારી બુદ્ધ શીવ ।। મારે કરવું સીદ્ધ જુધ ।। શીવ ।। ૭ ।। મારા રાક્ષસ કેરી જેહ શીવ ।। શત્રુ બાળી લીધા તેહ ।। શીવ ।। ૮ ।। નાગ કુંવરે હણ્યા તે વાર શીવ ।। તેને લેશ ન લાગી વાર ।। શીવ ।। ૯ ।। કાળા ગ્રહનું બંધાર જેહ ।। શીવ ।। ત્યાં તો તતક્ષણ આવ્યા તેહ ।। શીવ ।। ૧૦ ।। બંધન છોડયું તેણીવાર ।। શીવ ।। આણ્યાં કાળા ગ્રહથી બહાર શીવ ।। ૧૧ ।। ઇંદ્રસેનને લાગ્યા પાય ।। શીવ ।। આવે છે ચંદ્રાંગદ રાય ।। શીવ ।। ૧૨ ।। ઇંદ્રસેન બોલ્યા ત્યાં વાણ શીવ ।। ત્રણ વરસથી ચાલ્યા પ્રાણ ।। શીવ ।। ૧૩ ।। જમુનાજીમાં બુડયો બાળ શીવ ।। તેનો આવ્યો ત્યાં તો કાળ ।। શીવ ।। ૧૪ ।। નાગ કુંવર બોલ્યા તે વાર શીવ ।। આવ્યા તક્ષકને દરબાર ।। શીવ ૧૫ ।। અમો બેઉ જણ તેની સાથ શીવ ।। સેવા સાહે તક્ષક નાથ શીવ ।। ૧૬ ।। રાજ્યાસન આવ્યા મહારા-

જ શીવ ॥ શત્રુ હણીને કીધાં કાજ ॥ શીવ ॥ ૧૭ ॥ ઈંદ્ર
સેન આવ્યા દરબાર શીવ ॥ જેજે બોલે નરને નાર ॥ શીવ ॥
૧૮ ॥ સરવે મળ્યા નગરના જન શીવ ॥ ચંદ્રાંગદ જોવા-
નું મન ॥ શીવ ॥ ૧૯ ॥ સાથે ઈંદ્રસેન છે રાય ॥ શીવ ॥
ચંદ્રાંગદને લેવા જાય ॥ શીવ ૨૦ ॥ જેજે બોલે નરને નાર
શીવ ॥ તેડી લાવ્યા નગ્ર મોઝાર ॥ શીવ ૨૧ ॥ સર્વે વરત્યો
જેજેકાર શીવ ॥ ચંદ્રાંગદ આવ્યા નીરધાર ॥ શીવ ॥ ૨૨ ॥
માતાજીને નામ્યું શીશ ॥ શીવ ॥ તમને તુઠયા ઉમયા ઇશ
॥ શીવ ॥ ૨૩ ॥ ઈંદ્રસેન કરે ત્યાં રાજ ॥ શીવ ॥ જોજો
ચંદ્રાંગતનાં કાજ ॥ શીવ ॥ ૨૪ ॥ જેના રાજ માંહી નથી
દંડ ॥ શીવ ॥ વ્યાસે કહ્યું બ્રહ્મોતર ખંડ ॥ શીવ ॥ ૨૫ ॥
શીવ સેવકનાં સરીઆં કાજ ॥ શીવ ॥ દાસ મયાની રાખો
લાજ ॥ શીવ ॥ ૨૬ ॥

પદ ૧૩ મું. પાનવડી મેહેલો મોહનજી એ રાગ—

સીમંતનીએ સોમવાર કર્યા ત્યારે અવસર એવો આ
વ્યો છે ॥ નૈશધ દેશ તણો એક બ્રાહ્મણ પત્રીમણી શુભ
લાવ્યો છે ॥ ૧ ॥ નૈશધ પતીએ પત્ર મોકલ્યું આવ્યો ચં-
દ્રાંગદ રાયે ॥ સમાચાર સૌ નૈશધપતીના તે વાંચેથી સુખ
પાએ ॥ ૨ ॥ દિપચંદનને મણીમય માળા તે બ્રાહ્મણ સા-

બે લાવ્યો ॥ સીમંતનીને હાથે આપી સમાચાર સૌ સમ-
જાવ્યો ॥ ૩ ॥ વિદર્ભ દેશ તણો જે રાજા ચિત્રવર્મા ત્યાં
આવ્યો ॥ સમાચાર બ્રાહ્મણના સુણતાં પુષ્પ મોતીએ વ-
ધાવ્યો ॥ ૪ ॥ ઘેરઘેર મંગળ આનંદ ઓછવ માનુની મં-
ગળ ગાએ ॥ તરીઆ તોરણ દ્વારે બાંધ્યાં ગાનતાન ત્યાં
બહુ થાએ ॥ ૫ ॥ બ્રાહ્મણ કેરી ભૂખજ ભાગી વધામણી
આપી રાએ ॥ રાજ સભામાં પોતે આવ્યા આનંદ અંગે
નવ માએ ॥ ૬ ॥ મુનીવર રૂષીવર ત્યાં તેડાવ્યા કીજે એનો
ઉપાય ॥ જમનાંજીમાં ગત થયા તે આવ્યા ચંદ્રાંગદ રાય
॥ ૭ ॥ સીમંતનીએ શણગાર તજ્યા છે તેની તો કરવી પેર
॥ ધર્મ શાસ્ત્રમાં જુઓ વિચારી રૂષીવર તેડ્યા છે ઘેર ॥
૮ ॥ રૂષીવર તો ત્યાં બોલ્યા વાણી વિવા કરમ ફરીને કીજે
॥ સીમંતની શણગાર ધરેં જો કન્યાદાન ફરી દીજે ॥ ૯ ॥
ચિત્રવર્મા ચિત્ત વિચારી પત્ર લખ્યું છે તેવારે ॥ નૈષધપ-
તીની જાન તેડાવી જોતાં નવ લાગી વાર ॥ ૧૦ ॥ જેજે-
કાર થયો જુગ માંહી જશ વાધ્યો છે નવ ખંડ ॥ કહે મયો
સૌ શીવ આરાધો કહ્યું છે બહોતર ખંડ ॥ ૧૦ ॥

પદ ૧૪ મું. ગોકુળ આવો શ્રી નાથજી એ રાગ—

મિરાજીના ઉપદેશથી ॥ ગુરૂપાં શીવજીને ઉપાય મિ-

ત્રાજીના ઉપદેશથી ॥ ટેક ॥ નૈશધ પતી ત્યાં તો આવીઆ સા-
થે તેડયા છે બહુ રાય ॥ ચિત્રવરમા બહુ હરખીઓ સૌકો
આમૈયામાં જાય ॥ મિત્રાજી ॥ ૧ ॥ વાજાં વાજે બહુ ભા-
તનાં માનુની મંગળ ગાય ॥ ચિત્રવરમા સૌને મળયો મ-
ળીઆ ચંદ્રાંગદ રાય ॥ મિત્રાજી ॥ ૨ ॥ સરવે આવ્યા છે
નગ્રમાં જાનીવાસેરે જાય ॥ ફજવો લાવ્યાંરે માનુની મંડપ
માં આવ્યા વર રાય ॥ મિત્રાજી ॥ ૩ ॥ પોંકી લીધા બહુ
પ્રીતસુ પધરાવ્યાંરે કન્યાય ॥ સુંદર રૂપ સીમંતની શોભા ક
હી નવ જાય ॥ મિત્રાજી ॥ ૪ ॥ જાણે અબજીરે વીજળી
મુખડું દીસે ચંદ્રાકાર ॥ તક્ષક નાગે આપ્યા હતા સજી-
આ સોળે શણગાર ॥ મિત્રાજી ॥ ૫ ॥ ચંદ્રાંગદની શોભા
શી કહું કોટી કામ તણો અવતાર ॥ કટીએ કુંજર જીતી-
ઓ બત્રીસ લક્ષણ પુરણ સાર ॥ મિત્રાજી ॥ ૬ ॥ પહેલું
મંગળ વરતીઆં આપ્યા ગ્રથ ભંડાર ॥ એણી રીતેરે વરતી-
આં ત્યાં તો મંગળ ચાર ॥ મિત્રાજી ॥ ૭ ॥ વરને કન્યા
બેઉ મળી આરોગ્યાંરે કંસાર ॥ વીધી કીધી વિવાતણી કહે-
તાં આવે નહીં પાર ॥ મિત્રાજી ॥ ૮ ॥ સેવા કીધી બહુ
જાનની નાના વીધિના ભોગ ॥ સુખડું પામ્યાં સીમંતની
શીવજીએ મળવીઓ જોગ ॥ મિત્રાજી ॥ ૯ ॥ પ્રીતે કીધી
પેહેરામણી આપ્યાં વસ્ત્ર શણગાર ॥ વિધ વિધ પેરના ઘાટ-

નાં તેનો પામે નહીં પાર ॥ મિત્રાજી ॥ ૧૦ ॥ ચિત્રવરમા મન હરખીઆ જાન વળાવાને જાય ॥ પરણી આવ્યા નૈશધપતી માનુની મંગળ ગાય ॥ મિત્રાજી ॥ ૧૧ ॥ સીમંતની જઈ સાસુને નમ્યાં પુન્ય તમારૂં રે માય ॥ સેવા કીધી સદભાવથી તુઠયા ઉમયા પતી રાય ॥ મિત્રાજી ॥ ૧૨ ॥ રાજા ને રાણી એઉ રમે સરવે ભોગવે ભોગ ॥ સુખડું પામ્યાં સૌભાગ્યનું શીવે સાંધ્યો આપ્યો જોગ ॥ મિત્રાજી ના ઉપદેશથી ॥ ૧૩ ॥ નરને નારી સૌ સાંભળો જે કોઈ કરે રે સોમવાર ॥ ભક્તી થોડી ને ફળ ઘણું સુખે ઉતરે ભવપાર ॥ ઉત્તમ વ્રત સોમવારનું ॥ ૧ ॥ વિધવાપણું રે જાએ ટળી ઉત્તમ પામે સૌભાગ્ય ॥ એકે ચીત દીલ રાખીએ શીવ ભક્તીમાં અનુરાગ ॥ ઉત્તમ ॥ ૨ ॥ મૂગો હોએ તે તો વદે બેહેરો સાંભળે કર્ણ ॥ વ્યાધી એકે વ્યાપે નહીં સેવે શીવજીના ચર્ણ ॥ ઉત્તમ ॥ ૩ ॥ પુત્ર પામે રે વાંઝીઓ નીરધન પામે રે ધન ॥ શીવ શંકરને સેવતાં જીવનું કરે રે જતન ॥ ઉત્તમ ॥ ૪ ॥ સુખ સંપત પામે સદા જાએ જગતનો ત્રાસ ॥ જે કોઈ ગાય ને સાંભળે તેનો કૈલાસમાં વાસ ॥ ઉત્તમ ॥ ૫ ॥ ઋષીવરનેરે સંભળાવીઉં જ્યાં છે નિમિશા અરણ્ય ॥ સુત પુરાણીએ ત્યાં કહ્યું જુઓ બ્રહ્મોત્તર ખંડ ॥ ઉત્તમ ॥ ૬ ॥ શીવને શરણુ સદા રહું દેવી કેરા વ-

ળી દાસ ।। ગણુપતી ને હનુમાનજી સૌએ પુરી મનની આ-
શ ।। ઉત્તમ ।। ૭ ।। સંવત સૈદો અઢારસેં ઉપર પંચાવન
વરસેંએહ ।। આસો સુદીરે અષ્ટમી ગ્રંથ પૂરણુ કીધો એહ ।।
ઉત્તમ ।। ૮ ।। સરસ્વતીરે માવડી પુરી મનડા કેરી આશ ।।
તારી પુરણુ કીરપા થકી ગાય મયો શીવ દાસ ।। ઉત્તમ વૃ-
ત સોમવારનું ।। ઇતિ શ્રી સ્કંદ પુરાણે બ્રહ્મોતર ખંડે સોમ
પ્રદોષ મહિમા લિખ્યતે.

સંપૂર્ણ